



Unique
Learning
Place

# 2025 2026

## હોસ્ટેલ પ્રવેશ ફોર્મ
## HOSTEL ADMISSION FORM

जय जवान जय किसान | हम सब एक हैं | कोमीनारा वंदे मातरम | वंदे मातरम



EXCELLENCE IN CHARACTER BUILDING
ESTD. 2000

## SHREE CHHOTUBHAI A. PATEL ACADEMY

( Sports, Cultural & Spiritual Centre )
Mgd. by **SHAKTI KRUPA CHARITABLE TRUST**

EXCELLENCE IN EDUCATION
ESTD. 2000

## SHREE CHHOTUBHAI A. PATEL LEARNING INSTITUTE

**Govt. Recognized Self- financed English & Gujarati Medium Schools**
Mgd. by **SHAKTI KRUPA CHARITABLE TRUST**

At & Post: Mota Fofalia, Ta.: Sinor, Dist.: Vadodara, 391115, Gujarat, India.
+91 75748 44100 www.shaktikrupa.org caplimf@gmail.com



FOUNDER TRUSTEE
SHREE CHHOTUBHAI A. PATEL



- Our Institute has separate **25,000 sq. ft. Residences** for over **125 girls** & **50,000 sq. ft. Residences** for over **250 boys** with **2** separate reading halls of **7,500 sq. ft.** each.
- **Boys hostel** with **4** storeys, in which **Semi basement** floor is used for Reading, Meditation, Yoga & other activities, **Ground floor** with **7** rooms for 8 to 10 students in each room, **First floor** with **8** rooms for 8 students in each room, **Second floor** with **16** rooms for 4 students in each room, **Third floor** with **16** rooms for 4 students in each room. Separate **Toilet Block of** storey with **56** W.C., **56** Bathrooms & **56** Wash basins, equipped with laundry/drier machine, ironing & hot water facilities.
- **Girls hostel** with **2** storeys, **Semi basement** floor is used for Reading, Meditation, Yoga & other activities, **Ground floor** with **7** rooms for 8 to 10 students in each room, **First floor** with **14** rooms for **4** students in each room, Separate Toilet units with **26** W.C., **26** Bathrooms & **26** Wash basins, equipped with laundry/drier machine, ironing & hot water facilities.
- Separate own bed with all bed linen & blankets, and wardrobe are provided to each student. Drinking water facilities available with water coolers.
- We all take our well-balanced & nutritious pure **Vegetarian 2 Meal**s of the day & as well as snacks. seasonal organic vegetables & fruits grown in own farms in Spacious & airy **17000** sq. ft. **Dining hall** for **800** students,.
- Our Institute has full size **Hockey/Football** fields, **5 Basket ball** courts , **2 Lawn Tennis** courts, **2 Volley ball** courts, 75 Mt. **Skating rink, Archery field,** practice **Golf Course & Multipurpose Indoor hall** with competition grade **Gymnastics apparatus** .
- Hostel students are given intermediate coaching of 3-4 hours in a day through morning & evening designs by qualified teachers from respective games.
- Television with dish connection & theater hall with LCD projector for all students is provided. Audio visual rooms are also provided for education.
- Regular Medical check ups & Treatment for hostel students is provided by our own Community Health Center.
- Academic support is provided through Remedial classes to hostel students by our school teachers.
- All Rooms of the hostels are regularly terminated, and kept clean and tidy at all times



તા. 16-01-2025

વાલી મિત્રો,

આપણી માતૃસંસ્થા શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સને **2000** થી ગ્રામ્ય વિસ્તારમાં શહેર સમકક્ષ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાયુક્ત શૈક્ષણિક સંકૂલની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અર્થે શરૂઆત કરવામાં આવી. શરૂઆતના વર્ષોમાં શિનોર, કરજણ અને ડભોઇ તાલુકામાં વસતા ગ્રામજનોના બાળકોને સ્કૂલબસની વ્યવસ્થા દ્વારા આ શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. જેમાં સુંદર પ્રતિસાદ અને સહકાર મળી રહ્યો છે. સંસ્થાની પ્રગતિ અને વિકાસથી આ વિસ્તાર સિવાયના જીલ્લાના તથા રાજયના ગ્રામ્ય વિસ્તાર કે જયાં આવી શૈક્ષણિક સુવિધાઓ ન હોવાના કારણે અભ્યાસથી વંચિત ન રહે તેવા શુભ આશય સાથે **2003**થી આપણી આ સ્કૂલમાં હોસ્ટેલ સુવિધાની શરૂઆત કરવામાં આવી.

શરૂઆતના વર્ષોમા **30** વિદ્યાર્થીઓથી શરૂ કરેલ આ હોસ્ટેલ સુવિધાનો લાભ હાલમાં આશરે **300** ઉપરાંત વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે. આપણી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરથી દૂર નિવાસ કરતાં આપણા ગ્રામ્ય વિસ્તારના બાળકોને શાળામાં ભણતરની સાથે સાથે જીવન ઘડતર દ્વારા સર્વાંગી વિકાસ અર્થે રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્તરની રમત, સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સહિતનું શૈક્ષણિક સંકૂલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આજના આ વૈજ્ઞાનિક યુગમાં આપણું બાળક જીવન ઘડતર દ્વારા સમાજ જીવનના ઉચ્ચ આદર્શો અને સાંસ્કૃતિક વિચારધારામાં રહી તમામ સ્તરે પ્રગતિ અને વિકાસ કરી શકે તે અત્યંત જરૂરી છે. અને આ માટે ફકત શિક્ષણ પૂરતું નથી, સાથે સાથે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને તે અર્થે પૂરતો સમય અને પ્રયત્ન મૂકાવવો જોઇએ. જે હાલની પરિસ્થિતીમાં બહુ ઓછા બાળકોને પોતાના નિવાસી વાતાવરણમાં મળી રહેતું હોય છે. હોસ્ટેલ એક એવો આદર્શ વિકલ્પ છે જયાં આપણું બાળક કુંટુંબ ભાવના, પરોપકાર, ટીમવર્ક, સ્વંય શિસ્ત, સ્વતંત્ર, વ્યસનમૂકત, સમયબધ્ધ અને આંજ્ઞાકિત બની શકે. પરંતુ આ માટે સંસ્થા આપણા તરફથી એક જ અપેક્ષા રાખે છે કે સંસ્થાના નિતિ નિયમોનું ચૂસ્ત પાલનમાં આપણો સહકાર.

આપણી સંસ્થાની પ્રગતિ અને સિધ્ધિઓની વિશેષતા જોઇએ તો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધોરણ **10** અને **12** ની પરીક્ષાઓમાં શરૂઆતથી આજ સુધીમાં **100%** પરિણામ સિધ્ધ કરેલ છે. આપણી સંસ્થામાં ધોરણ **11** અને ધોરણ **12** ( વિજ્ઞાન પ્રવાહ )નો અભ્યાસક્રમ હોસ્ટેલ સહિત ચલાવવામાં આવે છે. શાળા અને પૂરક શિક્ષણ એક જ કેમ્પસમાં નિષ્ણાત શિક્ષકો તથા તજજ્ઞો દ્વારા મળી રહેતા, ધોરણ **12** ની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ પરિણામ મેળવી આપણા વિદ્યાર્થીઓ તબીબી, ઇજનેરી શાખાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે.

હોસ્ટેલમાં નિવાસ કરી અભ્યાસ કરતા શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે રમત, સાંસ્કૃતિક કે અન્ય સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં વિશેષ માર્ગદર્શન દ્વારા જે તે પ્રવૃત્તિમાં રાજ્ય/રાષ્ટ્ર કક્ષા સુધી પોતાની આવડત પ્રદર્શિત કરવાની તક મળી રહે છે. આપણી હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ રાજ્ય/રાષ્ટ્ર કક્ષાએ મેડલ જીતી રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતા સ્કોલરશીપ તેમજ એવોર્ડથી વિભૂષિત થઇ પોતાના કુંટુંબ તથા સંસ્થાનું નામ રોશન કરેલ છે.

આપણી આ સંસ્થાના આયોજન, વિકાસ અને પ્રગતિમાં તમામ નાણાકીય સહયોગ અને માર્ગદર્શન ડો. કિરણભાઇ, ડો. દિનેશભાઇ તથા શ્રી પ્રદિપભાઇ પટેલ તથા પરિવારજનો તરફથી અને પ.પૂ. બાપુજી ( શ્રી છોટુભાઇ પટેલ ) તથા પ.પૂ. સવિતાબાના આર્શિવાદ અને કૃપાદ્દષ્ટિથી આ પ્રવૃત્તિઓ દ્વારા આપણા બાળકના સર્વાંગી વિકાસમાં આપણે નોંધણીય કામગીરી કરી રહ્યા છીએ જે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

આપશ્રીએ આપના બાળકના ભણતર અને જીવન ઘડતર માટે આ સંસ્થાને પસંદ કરી છે, નહી કે વ્યવસ્થા કે સગવડ માટે સંસ્થા પણ આપના બાળકના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતીત અને પ્રયત્નશીલ છે. સગવડ-અગવડ ને વધુ ધ્યાનમાં ન લેતાં આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે સંસ્થાના હોસ્ટેલ ફોર્મમાં દશાવેલ નીતિ-નિયમો અને સંસ્થા દ્વારા દર્શાવેલ જરૂરી સૂચનોને સમજી વિચારીને યોગ્ય રીતે અમલમાં મૂકી આપણે સૌ કટીબધ્ધ બનીએ એ જ અભ્યર્થના.

આભાર.

વ્યવસ્થાપક ગણ
શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, મોટા ફોફળીયા.





## HOSTEL - NEEDS AND FACILITIES :

### 01
The hostel facility has been started by the Chhotubhai A. Patel Academy under the auspices of Shaktikrupa Charitable Trust with a view to raise the educational standards of rural people and also for availing higher level education.

### 02
Our hostel provides sufficient space in each and every room for each student along with the required furniture, reading hall, library, lodging & boarding, T.V./Computer facilities etc.

### 03
Under the auspices of Shaktikrupa Charitable Trust, academy conducts sports as well as cultural and spiritual activities to bring out their hidden talents and get name and fame by participation in various state and national level competitions. Institute is committed for all round development of students.

### 04
A matured hostel warden keeps their constant and compassionate touch with the students and takes care of their needs and problems. The institute is taking due care to provide nutritional and balanced diets to the students in a peaceful environment.

### 05
In order to develop the social, cultural and spiritual development of students, the festivals are celebrated with the support of community on the occasion.

### 06
The student admitted/studying in **Shree Chhotubhai A. Patel Learning Institute** is eligible for admission in the Hostel on the basis of merit and vacancy. The payment of fees in time is a pre-requisite for eligibility to continue hostel accommodation. **The School Leaving Certificate shall be retained with the Office till the clearing of outstanding dues towards hostel/any fees.**

## હોસ્ટેલ - જરૂરિયાત અને સુવિધાઓ :

### 01
ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પ્રજાજનોનું શૈક્ષણિક સ્તર ઉચું લાવવા તથા ઉચ્ચ ગુણવત્તા સભર શિક્ષણ મળતું રહે તે હેતુસર વિદ્યાર્થીઓ માટે શકિતકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી છોટુભાઇ એ. પટેલ એકેડમીના નેજા હેઠળ હોસ્ટેલની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

### 02
દરેક વિદ્યાર્થીને વ્યકિતગત ધોરણે પૂરતી મોકળાશ તેમજ રહેવા, જમવાની તેમજ ફર્નીચર ઉપરાંત શૈક્ષણિક રાચ-રચીલા સહિતનો વિશાળ અભ્યાસખંડ, સંદર્ભ પુસ્તકો ધરાવતી અદ્યતન લાયબ્રેરી, ટી.વી./કોમ્પ્યુટર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

### 03
શકિતકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા “શ્રી છોટુભાઇ એ. પટેલ એકેડમી - રમત-ગમત, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કેન્દ્ર”નું સંચાલન કરવામાં આવી રહેલ છે. તે અંતર્ગત વર્ષ દરમ્યાન અવાર-નવાર વિશાળ ફલક પર યોજાતી રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને પોતાનું કૌશલ્ય કેળવવાની પૂરેપૂરી તક મળી રહેશે. સર્વાંગી વિકાસ ધરાંવતા બાળક માટેનું સ્વપ્ન એ આ સંસ્થાનું કાર્યાન્વિત પાસુ બની રહેશે.

### 04
પુખ્ત સમજદારી ધરાવતા હોસ્ટેલ ગૃહપતિ દ્વારા દરેક વિદ્યાર્થી સાથેનો વ્યકિતગત અને વાત્સલ્ય સભર સંપર્ક થતો રહેશે. હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે પૌષ્ટિક અને સમતોલ આહાર તેમજ સંપૂર્ણ સ્વસ્થ વાતાવરણ અર્થે સંસ્થા શકય એટલી કાળજી રાખશે. વાલી/માતા-પિતા તરફથી બહારની ખાદ્યસામગ્રીની આવશ્યકતા રહેશે નહી.

### 05
વિદ્યાર્થીઓના સામાજીક, સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક વિકાસ અર્થે સંસ્થા તેમજ સમાજ સાથે રહીને ઉત્સવ - પર્વોનું મહત્વ જળવાશે અને તહેવારોની ઉજવણી / આયોજન તે મુજબ થતું રહેશે.

### 06
ફકત **શ્રી છોટુભાઇ એ. પટેલ લર્નીંગ ઇન્સ્ટીટ્યુટમાં** પ્રવેશ મેળવેલ કે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જ હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીની શૈક્ષણિક ક્ષમતા તેમજ ઉપલબ્ધ બેઠકો ને ધ્યાનમાં રાખીને જ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ માન્ય કરવા અથવા ચાલુ રાખવા માટે નિયમિત અને સમયસર ફી જમા કરાવવી જરૂરી છે. હોસ્ટેલ ફી બાકી હશે તો શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર અટકાવી શકાશે.

## 07

The Institute gives due importance for quality education and maintenance of discipline. The Institute is not responsible for any untoward incidents due to the indiscipline/misbehaviour of students or their parents/representatives. In such case He/she shall be rusticated from the hostel.

## 08

The admission of the students and their continuation in the hostel shall depend upon the medical reports/fitness certificate issued by the institute hospital only.

## 09

All the students are required to follow the rules and regulations of the Hostel strictly during their stay in the Hostel.

## 10

The power of granting or denying admission to the students in the hostel rests with the Institute and cannot be challenged. The Institute will change the rules and regulations from time to time as per the situation/requirements and the same shall be abided by the parents. Cooperation of the parents is very essential for all round development of students.

## 11

All are requested to resolve the disputes/ problems with proper understanding and discussion with the concerned authorities. In the context of any unresolved disputes/ problems shall be settled under the jurisdiction of Hon'ble Court of Shinor.

## 07

શિક્ષણની ગુણવત્તા ઉપરાંત નિયમિતતા અને શિસ્તબધ્ધ આચરણ એ સંસ્થાની પ્રણાલિકા છે. બાળક કે તેમના વાલી દ્વારા શિસ્તભંગના કારણે અઘટિત ઘટના માટે સંસ્થા જવાબદાર રહેશે નહી. વધુમાં, આ બાબતે જરૂરી શિક્ષા હોસ્ટેલ છોડવા સુધીની થઇ શકશે.

## 08

હોસ્ટેલમાં પ્રવેશ તેમજ તે ચાલુ રાખવા માટે સંસ્થાના હોસ્પિટલનું માંદગી / તંદુરસ્તીના પરિક્ષણનો આધાર લેવાશે.

## 09

સંસ્થામાં રહેતા તમામ વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે સંસ્થા દ્વારા નિયત કરેલા વખતોવખતના નિયમોનું ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

## 10

હોસ્ટેલ પ્રવેશ આપવો કે રદ કરવાનો અધિકાર સંસ્થાનો અબાધિત છે. સંસ્થા દ્વારા સમયાંતરે સંજોગોવશાત પ્રવર્તમાન નિયમોમાં ફેરફાર કરી શકશે અને તેની જાણ પરિપત્ર દ્વારા વાલીને કરવામાં આવશે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આપનો સહકાર અતિ આવશ્યક છે.

## 11

કોઈપણ પ્રકારના વિવાદ/પ્રશ્નનો ઉકેલ સમજાવટથીલાવવાનો પ્રયત્ન કરવો. પણ વિવાદ/પ્રશ્નનો ઉકેલ/અંત ન આવે અને કાનૂની કાર્યવાહી કરવી પડે તેવા સંજોગોમાં શિનોર કોર્ટને આધીન રહી કાર્યવાહી કરી શકાશે.







## SCHOOL/ HOSTEL UNIFORM :

## 12

The School Uniform and Games Uniform shall be brought from the home by students.

1. School Uniform– 2 pairs.
2. Hostel Uniform – 2 pairs.
3. School shoes– 1 pair.
4. Socks – 2 pairs.
5. Sweater – 1 No. (in winter)
6. Sports Shoes – 1 pair.

## 13

Other necessary items such as Pillow, Bedsheet, Blanket etc., shall be provided by the institute.

## 14

The Number tag should be stitched on the school and games uniforms.

## PERSONAL DRESS:

## 15

Hostel inmates are requested to wear the suitable and clean dresses for their daily use as per the customs and traditions of our Indian culture.

## 16

The students are required to bring under garments /clothes from home as per the initial list given by the Institute. The number allotted to the students should be written by permanent ink or tag labels should be affixed. The following dresses should be brought from the Home :

1.Coloured dresses– 4 pairs.
2.Underwear – 4 Nos.
3.Banian – 4 Nos.
4.Coloured socks –4 pairs.
5.Handkerchief – 4 Nos.
6.Night Dress – 2 Nos.
7.School Bag – 1 No.
8.Slipper or Ordinary Footwear – 1 Pair.

## 17

Only four pairs of coloured dresses should be brought from home. Easy to dry, dark coloured pants (no jeans or thick clothes), T-shirts with no buttons are preferred. All the clothes brought from the home should be stitched with number tags.

## સ્કૂલ/ હોસ્ટેલ યુનિ ફોર્મ :

## 12

સંસ્થા દ્વારા નિયત કરેલ સ્કૂલ યુનિફોર્મ અને ગેમ્સ યુનિફોર્મ વિદ્યાર્થીઓએ ઘરેથી લાવવાના રહેશે.

1. શાળા ગણવેશ -2 જોડી
2. હોસ્ટેલ ગણવેશ -2 જોડી
3. શાળા ગણવેશ શૂઝ -1 જોડી
4. મોજાં - 2 જોડી
5. શાળા ગણવેશ સ્વેટર –1 જોડી
6. સ્પોર્ટસ શૂઝ-1 જોડી

## 13

અન્ય જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ગાદલું, ઓશીકું , ચાદર, બ્લેન્કેટ, વગેરે વસ્તુઓ સંસ્થામાંથી આપવામાં આવે છે.

## 14

સ્કૂલ યુનિફોર્મ અને ગેમ્સ યુનિફોર્મ ઉપર ટેગ ( નંબર વાળું લેબલ ) સિલાઈ કરાવવાની રહેશે.

## અંગત કપડાં :

## 15

બાળકોએ આપણી સંસ્કૃતિ અને સંસ્કારને અનુરૂપ રોજ-બરોજ માટે અનૂકૂળ હોય તેવા સ્વચ્છ, સુઘડ અને સુંદર કપડાં પહેરવાના રહેશે.

## 16

શાળાની શરૂઆતમાં આપવામાં આવતાં લીસ્ટ મુજબ અંડર ગારમેન્ટસ/કપડાં ઘરેથી લાવવાનાં રહેશે. તે દરેક કપડાં પર વિદ્યાર્થીને આપવામાં આવતો નંબર પરમેનન્ટ કલરથી અથવા ટેગ ( નંબર વાળું લેબલ )લગાવવાનું રહેશે.
નીચે મુજબના કપડાં ઘરેથી લાવવાના રહેશે.

1. રંગીન કપડાની જોડી - **4**
2. અંડરવિયર- **4**
3. બનિયન -**4**
4. રંગીન મોજાં- **2**
5. હાથરૂમાલ – **6**
6. નાઇટ ડ્રેસ- **2**
7. સ્કુલ બેગ- **1**
8. સ્લીપર અથવા ચંપલ **1** જોડ

## 17

રંગીન કપડાંમાં **ફક્ત અને ફક્ત ૪ જોડી કપડાં** જ આપવાના રહેશે. જેમાં જીન્સ પેન્ટ અથવા જાડાં કપડાં આપવા નહી. શકય હોય ત્યાં સુધી બટન વગરના અથવા ઓછાંમાં ઓછા બટન વાળા ટી- શર્ટ અને ડાર્ક કલર વાળા જલ્દી સુકાઇ જાય તેવા પેન્ટ ( શકય હોય ત્યાં સુધી હાફ પેન્ટ )આપવાના રહેશે. ઘરેથી લાવેલા દરેક કપડાં પર નંબરનો ટેગ લગાવવા પડશે.

18
If possible, dark colouered half pants /full pants, collarless T-Shirts without button suitable for night dress are preferred.

19
Only one pair of Slipper should be brought from home. Students are not allowed to keep another pairs of shoes in the Hostel except school/games shoes.

20
The parents should show the under garments and coloured clothes to their child before bringing the same to the Hostel, so that they can identify the same easily during their stay in the Hostel.

## MEDICAL TREATMENT :

21
The parents should train their children to inform the status of their health to the Hostel Warden / Supervisor / Office voluntarily & promptly.

22
It is desirable to create consciousness for maintaining good health amongst the children and also intimate in written about the treatment given for major diseases/ physical disabilities/ diseases from birth for taking suitable care/treatment of the student.

23
Periodical medical check-ups of the students & available medical treatment will be carried out at our own Community Health Centre at their own cost as per the rules of the hospital.

24
Parents will be intimated in case of further special treatment to be given in other hospital.

25
In case of student having any allergy, infection or any serious disease, the medicine and other required materials should be given & trained him/her by the parents for regular medication.

18
નાઇટ ડ્રેસમાં પણ શકય હોય તો હાફ પેન્ટ / નાઇટડ્રેસનો જ ફૂલ પેન્ટ અને **બટન તથા કોલર સિવાયની ટી-શર્ટ** લાવવાની રહેશે.

19
આપના બાળકને ઘરેથી **ફક્ત એક જોડી સ્લીપર** જ આપવાના રહેશે. સંસ્થામાં શાળા/પી.ટી. યુનિફોર્મના શુઝ સિવાયના અન્ય જોડાં હોસ્ટેલમાં રાખવા દેવામાં આવશે નહી.

20
આપના બાળકને આપ જે ઘરેથી અંડર-ગારમેન્ટસ તથા રંગીન કપડાં આપવાના છે તેની બરાબર ઓળખ અપાવી દેવી જેથી હોસ્ટેલ નિવાસ દરમિયાન આપનું બાળક પોતાના કપડાં સ્વયં ઓળખી શકે.

## તબીબી સારવાર :

21
આપના બાળકને **પોતાની તબિયત અંગે સ્વયં** હોસ્ટેલ વોર્ડન / સુપરવાઇઝર / ઓફીસમાં સમયસર જાણ કરી સારવાર મેળવે તે માટે યોગ્ય સમજ આપવાની રહેશે.

22
શકય હોય ત્યાં સુધી આપના બાળકને પોતાની તંદુરસ્તી અંગે સભાન બનાવો. ભૂતકાળમાં થયેલ અથવા જન્મજાત હોય તેવા રોગ કે શારિરીક મુશ્કેલી અંગેની જાણ આપ લેખીતમાં કરો. જેથી સમયાંતરે બાળકની યોગ્ય કાળજી રાખી શકાય.

23
સંસ્થા દ્વારા સંચાલિત સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બાળકની તબીબી તપાસ કરવામાં આવશે. પરંતુ ઉપલબ્ધ દવા તેમજ અન્ય સારવારનો ખર્ચ જે તે વિદ્યાર્થીના હિસાબમાંથી મજરે લેવામાં આવશે

24
બાળકને વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં લઇ જવાના સંજોગોમાં માતા પિતાને જાણ કરવામાં આવશે. જેથી આપ આપના બાળકની વિશેષ સારવાર કરાવી શકો.

25
બાળકને કોઇપણ પ્રકારની એલર્જી, ઇન્ફેકશન અથવા અન્ય કોઇ ગંભીર બિમારી હોય તો તેવા સંજોગોમાં તેની વિશેષ કાળજી અંગે જરૂરી દવાઓ તથા અન્ય સામગ્રી તેને આપવાની રહેશે. વળી તે અહીયા નિયમીત દવા-સારવાર કરાવે તે અંગે તેને પુરતી સમજ આપવાની રહેશે.





26
It is advisable to take the student to home in case of any infectious skin diseases.

27
It is also advised to give vaccination for chicken pox & other communicable diseases with a view to control the spread of such diseases in hostel.

## MEETINGS & MESSAGES :

28
The only parents/guardians (registered by the institute) are allowed to meet the students or leaving them at hostel and taking them back as per the annual programme given by the Institute.

29
At the time of meeting with the students, no relatives/friends of the parents should accompany with them.

30
Only registered parents are allowed to speak with the student over the telephone in the afternoon between 4.00 to 4.30 P.M. only on birthday of the student.

31
Parents can send the messages to their children through post card once in a month.

26
બાળકને ચામડીના ચેપી રોગો થયા હોય તેવા સંજોગોમાં બાળકને ઘરે લઇ જવાનો રહેશે.

27
અન્ય ચેપી રોગો માટે રસીકરણ કે દવા-સારવાર તથા જે બાળકને અછબડા (Chicken Pox) ની તથા અન્ય રસીઓ જો આપવાની બાકી હોય તો તે અવશ્ય અપાવી દેવી જેથી હોસ્ટેલ નિવાસ દરમિયાન ચેપી રોગ અટકાવી શકાય.

## મુલાકાત તથા સંદેશા વ્યવહાર :

28
સંસ્થા તરફથી આપવામાં આવેલ ઓળખ પત્ર ધરાંવતા માતા-પિતા / વાલીને જ સંસ્થા તરફથી આપવામાં આવેલ વાર્ષિક કાર્યક્રમ મુજબ મુલાકાત અથવા લેવા- મુકવા માટે પરવાનગી આપવામાં આવશે.

29
મુલાકાતના સમયે અન્ય વાલી મિત્રો આવતા હોઇ આપણા અન્ય સગાં સંબંધીઓ / મિત્રોને સંસ્થા પર લાવવાં નહી.

30
બાળકની વર્ષગાંઠના દિવસે ફકત તેના માતા- પિતા જ બપોરે 4: 00 થી 4:30 દરમિયાન ફોન ઉપર વાતચીત કરી શકશે. અન્ય દિવસોમાં વાતચીત થઇ શકશે નહી.

31
આપ બાળક સાથે પોસ્ટકાર્ડના માધ્યમથી સંદેશા વ્યવહાર કરી શકો છો. મહિનામાં એકાદ વાર બાળક તરફથી આપને પોસ્ટકાર્ડ દ્વારા તેનો સંદેશો મળતો રહેશે.

| Month | Occasion/Reason | Taking time/Meeting Time | Leaving Time |
|---|---|---|---|
| June | In the beginning of first term | -- | 2.00 P.M. |
| August | Raksha Bandhan | 2.00 P.M. | -- |
| | | -- | 4.00 P.M. |
| October | Garba Mahotsav | 2.00 P.M. | 4.00 P.M. |
| | In the beginning of Diwali festival | 2.00 P.M. | -- |
| November | In the beginning of 2nd term. | -- | 2.00 P.M. |
| January | Uttarayan | 2.00 P.M. | --- |
| | | -- | 4.00 P.M. |
| February | Annual Day Celebration (as per invitation) | 6.00P.M.(for English medium) 6.00P.M.(for Gujarati medium) | -- |
| April | Last day of Annual Examination | 1.00 P.M. | --- |

## MOBILE PHONE :

**32**

<u>Mobile phones are strictly not allowed,</u> if the student found with mobile phone, it shall be considered as a serious offence and it <u>may even lead to the suspension of the student from the school / hostel.</u>

## VACATION/LEAVE :

**33**

It is not advisable for us to grant leave to the students quite often. Leave is granted as per the strict observance of rules laid down by the Institute. The regular feature of going out and coming in due to the frequent granting of leave to the children may create a negative impact on them and a sense of home sickness will grow amongst them.

**34**

Over and above the pre-fixed annual programme, the children are allowed to proceed on leave on the occasions of the death of any close relative of the family.

**35**

Students requires leave in case of sickness, will be granted based on the medical report of the doctor of the Institute. Parents are requested to submit photo copy of the medical treatment report issued by the doctor to the hostel administration.

**36**

The leave shall not be granted for any marriage/social function/outings of general nature. The leave will be given in case of any unavoidable social function of blood relatives with the prior permission of the Hostel authorities.

**37**

However, notwithstanding the rules and regulations regarding leave, if the parents are so interested to take their children for a particular occasion, then they are required to pay <u>Rs. 200/- per day</u> and that too after prior permission.

## મોબાઇલ ફોન :

**32**

વિદ્યાર્થી મોબાઇલ ફોન લાવતો માલુમ પડશે અથવા ફોનનો ઉપયોગ કરતાં માલુમ પડશે તો તે અતિ ગંભીર પ્રકારનો નિયમ ભંગ ગણવામાં આવશે અને વિદ્યાર્થીને શાળા/ હોસ્ટેલમાંથી બરતરફ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

## વેકેશન/રજા :

**33**

સંસ્થામાં હોસ્ટેલ નિવાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ હોવાથી રોજ બરોજ દરેક વિદ્યાર્થીની રજાઓ અંગેની કાર્યવાહી કરી શકાય નહી તેમજ આપના માટે આપનું બાળક એકલું હોય પરંતુ સંસ્થા માટે આ પરિવાર વિશાળ છે અને રોજ બરોજ આવન- જાવન થવાથી અન્ય બાળકો પર વિપરીત અસર પડી શકે અને HOME SICKNESS ને લઇને અભ્યાસ ઉપર વિપરીત અસર થાય છે. જેથી સંસ્થાના નિયમોનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે.સંસ્થા એ નક્કી કરેલ વાર્ષિક કાર્યક્રમ મુજબ જ રજાઓ આપવામાં આવશે.

**34**

નિયત કરેલ વાર્ષિક કાર્યક્રમ સિવાય આપ બાળકને આપના કુટુબમાં થયેલ આકસ્મિક અવસાન જેવા દુ::ખદ પ્રસંગે જ સંસ્થામાંથી પૂર્વ મંજુરી મેળવ્યા બાદ લઇ શકશો.

**35**

હોસ્ટેલમાં બિમાર થયેલ વિદ્યાર્થીને રજા આપવાના સંજોગોમાં સંસ્થાની હોસ્પિટલના ડોકટરનું તબીબી તપાસનું પ્રમાણપત્ર રજુ કર્યા બાદ પ્રવેશ બહાલ કરી શકાશે અથવા ચાલુ રાખી શકાશે. કોઇપણ બિમારી કે ઓપરેશનને લગતા રિપોર્ટની તેમજ તેની ચાલુ સારવાર અંગેની ઝેરોક્ષ કોપી હોસ્ટેલ મેનેજમેન્ટને આપવાની રહેશે.

**36**

આપના કુંટુંબમાં આવતા લગ્ન/ સામાજીક પ્રસંગે / બહાર ગામ જવાના પ્રસંગે બાળકને સંસ્થામાંથી લઇ જઇ શકાશે નહી. ઘરમાં અંગત ભાઇ- બહેનનાં લગ્ન હોય તો અગાઉથી નિમંત્રણ પત્રિકામાં નિમંત્રક તરીકેની યાદીમાં તેનું નામ હશે તો જ પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

**37**

રજા અંગેના ઉપરોકત નિયમો હોવાં છતાં આપ બાળકને કોઇ પ્રસંગમાં લઇ જ જવા ઇચ્છતા હોય તો **<u>પ્રતિદિન રૂા. 200/- જમા કરાવી</u>** ને અને પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ આપ તેને લઇ જઇ શકશો.





**38**

**The parents are required to leave their children at the hostel as per the schedule** and in case of the<u> failure in this respect</u>, they have to pay an amount of **<u>Rs. 200/- per day as fine</u>** for the default on their part.

**39**

Leave shall not be granted under any circumstances during the months in which the examinations are held as per the annual academic programme.

## CASH & VALUABLE BELONGINGS :

**40**

Parents are **strictly advised not to give money or any valuable to the student** as the basic amenities are provided by the management. Students found with such items shall be considered as indiscipline.

**41**

Students are not allowed to keep any money in cash, radio, camera, walkman, gold/silver ornaments and other valuables with them, as the hostel rooms & cupboards **have no locks**. The Institute shall not be responsible for any theft/loss of such items or such acts on the part of the students.

## SNACKS & MEALS :

**42**

(A) The Institute is providing delicious & nutritious full meals and snacks, the parents are advised not to bring any food packets/items for the students.
(B) The Institute will provide separate meal as per menu & schedule decided by Government sports department to the students admitted in the scheme of District Level Sports School.

**43**

The students will be given an opportunity to learn the preparation of foods in the Canteen on Saturday and Sunday.

**38**

વાર્ષિક સમયપત્રકમાં નિયત કરેલ સમય મર્યાદામાં આપના બાળકને સંસ્થામાં પરત મૂકી જવાનો રહેશે. અન્ય થા **<u>પ્રતિદિન રૂા. 200/- દંડ પેટે રકમ જમા</u>** કરાવવાની રહેશે.

**39**

વર્ષ દરમિયાન લેવાનાર પરીક્ષાના મહિનાઓમાં બાળકને કોઇપણ સંજોગોમાં રજા આપવામાં આવશે નહિ.

## રોકડ રકમ અને કિંમતી ચીજ વસ્તુઓ :

**40**

હોસ્ટેલ મેનેજમેન્ટ તરફથી દરેક પ્રકારની પાયાની સગવડો આપવામાં આવે છે માટે નાણા કે બીજી કોઇપણ પ્રકારની કિમતી ચીજ-વસ્તુ બાળકને આપવાની રહેશે નહી. આવી વસ્તુઓ જો હશે તો તે ગેરશિસ્ત લેખાશે અને તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

**41**

સંસ્થામાં કયાંય તાળું મારવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. સંસ્થામાં રોકડ રકમ, રેડીયો, કેમેરા, વોકમેન સોના-ચાંદીના દાગીના તેમજ અન્ય કિંમતી ચીજ- વસ્તુઓ લાવવાની રહેશે નહી. આ અંગે કોઇપણ પ્રકારની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

## ભોજન અને નાસ્તો :

**42**

( અ ) સંસ્થા દ્વારા બાળકોને સ્વાદીષ્ટ, પૌષ્ટીક તેમજ પૂરતુ ભોજન તેમજ નાસ્તાની સગવડ હોઇ આપશ્રીએ આપના બાળકને નાસ્તો કે અન્ય ખાદ્ય સામગ્રી આપવાની રહેશે નહી. તે સખ્ત પણે પ્રતિબંધિત રહેશે.
( બ ) જીલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ અંતર્ગત પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું સરકારશ્રી દ્વારા નિયત કરેલ ભોજન મેન્યુ અને સમયપત્રક મૂજબ અલગથી ભોજન આપવામાં આવશે.

**43**

શનિવાર – રવિવારની રજાઓ દરમિયાન હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીઓને સંસ્થાના ભોજનાલયમાં શાક સમારવા, રોટલી વણવા તથા અમુક પ્રકારની રસોઇ બનાવવામાં સહયોગી બનાવવામાં આવશે જેથી તેઓને રસોડાની યોગ્ય તાલીમ આપી શકાય.

## DISCIPLINE :

**44**

**Students shall have to strictly follow framed rules and regulations for self-discipline by institute.**

**45**

The student may be given one or two opportunities to dissuade from in-disciplinary actions on their part. The student will be rusticated from the hostel if they continue to behave in an unruly manner neglecting the advice of concerned authority even after persuading them. The parents are requested to give proper advice & guidelines in this respect to their children.

**46**

In case, any student is harassed by the other student/s, then he/she is advised to contact the hostel Warden/Supervisor/dministrative staff and inform the name/s of the trouble maker, so that suitable action can be taken against him/her.

**47**

In case, any student does any undesirable acts, then the Hostel warden/supervisor- /Administrative staff will take disciplinary action against him/her and the same shall be abided his/her parents.

## SPORTS/GAMES & OTHER ACTIVITIES :

**48**

(A) Our school is **approved District Level Sports School by Government of Gujarat** and students admitted under this scheme will be given free coaching as per the rules & regulation of Government as well as Institute.

(B) The Institute shall give due importance for the sports/games and other co-curricular activities meant for the students. The students who are eligible & competent and selected by institute shall be allowed to take part in such activities at their own expense and responsibilities.

## શિસ્તપાલન :

**44**

સ્વયંશિસ્ત માટે સંસ્થા દ્વારા નીતિનિયમો બનાવવામાં આવેલા છે. જેનું બાળકે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

